શ્રી ગુરુભ્યોનમઃ

શ્રી પતીવ્રતા જયમણી નાટક-ના ગાયનો.

શ્રી પાટણ સત્યસમાજ નાટક મંડળી માટે.

રચનાર
મેનેજર રામપુરી ઉંકારપુરી ઉર્ફે મોહનલાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર.
શા. જેસીંગલાલ કરમચંદ પાટણવાળા.

આવૃતિ પહેલી. નકલ ૧૦૦૦

અમદાવાદ.

બીકાંટે--ધી ચંદ્રપ્રકાશ પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

કીંમત બે આના.

શ્રી ગુરુભ્યોનમઃ

શ્રી પતીવૃતા જયમણી નાટક-
ના ગાયનો.

श्री पाटण सत्यसमाज नाटक मंडळी माटे.

રચનાર
મેનેજર રામપુરી ઉંકારપુરી ઉર્ફે મોહનલાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર.
શા. જેસીંગલાલ કરમચંદ પાટણવાળા.

આવૃતિ પહેલી. નકલ ૧૦૦૦

અમદાવાદ.
ધીકાંટે—શ્રી ચંદ્રપ્રકાશ પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

કીંમત બે આના.



પાત્રોના નામ.

સુત્રધાર......................નાટકાચાર્ય.

નટી........................સુત્રધારની સ્ત્રી.

વિજયરાજ..................ઉદેપુરના રાણા.

જયમણી....................તેની રાણી.

સામંતસીંહ.......વિજયરાજનો ભત્રીજો તથા રાણા ભવાનસીંહનો પુત્ર.

કુલીનસીંહ..................વિજયરાજનો ભાણેજ.

ચંદ્રપ્રભા....................જયમણીની બેન.

ચતુરી.......................કાશમીરની ચોતારી.

અલ્લાઉદ્દીન...................દીલ્લીનો બાદશાહ.

દીલભરખાં...................અલ્લાઉદ્દીનનો સુબો.

સરદારસીંહ.................ચંદ્રપ્રભાનો પીતા.

કેશરીસીંહ ઉર્ફે સરદારખાં......એક વટલેલ રજપુત.

તે સીવાય દરબારીઓ સાધુઓ સીપાઇઓ લુટારાઓ દાસીઓ બ્રાહ્મણો બારોટ છડીદાર અપસરાઓ વિગેરે વિગેરે.

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

પ્રવેશ ૧—સુત્રધાર નટી વિગેરે ઇશ્વર પ્રાર્થના.

પ્રવેશ ૨—રાણા વીજયરાજની કચેરી પોતાના ભત્રીજા સામતસીંહ તથા ભાણેજ કુલીનસીંહ સાથે રાજકાજની વાતચીત, અલાઉદીન ખંડણી માગે છે તે પત્રનો વીચાર કરી ખંડણી ન આપવી, પછી અપસરાઓનો નાચ વીગેરે.

પ્રવેશ ૩—સામંતસીંહનું નીશાળે જવું રસ્તામાં છનવો વીઠલ વીગેરે મીત્રોનો એક પુજા કરવા જનારી બાઇ પાસે ચાંદલો કરવા બાબત વાદવીવાદ પછીથી સામતસીંહને ચાંદલો કરવો પછીથી તમામ મીત્રોએ મળી વધાને માન આપવું.

પ્રવેશ ૪—બગીચામાં જયમણી તથા ચંદ્રપ્રભા સાહેલીઓ સાથે ગરબો ગાવો પછીથી સામતસીંહનું પ્રવેશ થવું બત્રાજાને જોઇ ખુશી થવું આનંદનો દેખાવ એટલામાં ચતુરીનું આવવું પછીથી બેન ચંદ્રપ્રભાની છબી ઉતારવા લઇ જવી.

પ્રવેશ ૫—એક કાશમીરની ચતુર નામની ચીતારી વ્યભીચારના લીધે કાશમીરથી દુર કરવામાં આવેલી તે ઉદેપુરમાં આવી રહેલી અને પતંગના જયમણીને બેઠા રસ્તા ઉપર ચડાવવાનો વીચાર, એટલામાં દીલ્હીનો સુબો દીલભરખાં રાણાથી છાનો અદૃશ્ય ત્યાં આવે છે અને ચતુરીએ ચંદ્રપ્રભાની છબી

બનાવી તે જોઈ આશક થાય છે અને મળવા સબંધી વાત ચીત ચતુરીને લાંચ આપી પત્રીકા મોકલવી.

પ્રવેશ ૬—ચતુરી પત્રીકા લઈ જાય અને ચંદ્રપ્રભાને દીલભરખાં સાથે ફસાઉ તેમા મારૂ ખાણુ દાણુ ને પીગાણું પાર પડશી એવો વીચાર ત્યાંથી રાજમહેલ તરફ વીદાય થવું.

પ્રવેશ ૭—રાણીવાસમાં ચીતારીએ છબી આપીને જવું પછીથી છબી જોતા મહીથી દીલભરખાં સુબાની મોકલેલી પ્રેમ પત્રીકા નીકળવી ચંદ્રપ્રભા તથા જયમણી અતી કોપાયમાન થઈ ચીતારીને પકડવા દાસીઓને મોકલવુ.

પ્રવેશ ૮—ચીતારીને પકડવા જતા સુબોધની દાસી સત્યવતીને ઠપકો આપે છે સત્યવતીને લાચાર થવું.

પ્રવેશ ૯—ચીતારીનો મહેલ દીલભરખાં તથા ચીતારી ખુસી થાય છે પછીથી સત્યવતી તથા સુબોધની બારણા ઉઘડાવે છે પછી દીલભરખાં ડરે છે તેથી તેને જાજરૂમાં સંતાડે છે પછી દરવાજા ઉઘાડે છે અને ચીતારીને ઈનામ આપવા બોલાવ્યા આવીછુ એવું જાહેર કરી ચીતારીને ફોસલાવી પકડી જાયછે.

પ્રવેશ ૧૦—જયમણીનો રાણીવાસ સત્યવતી તથા સુબોધની બન્ને ચીતારીને મહેલમાં દાખલ કરે છે અને જયમણી કોપાયમાન થઈ ફીટકારે છે એટલામાં રાણા વીજયરાજ આવે છે કાસમીરથી વ્યભીચારના લીધે દેસપાર કરેલી એવો કાશ્મીરના રાજાનો પત્ર બતાવે છે અને બહુ કોપાયમાન થાય છે સ્ત્રી જાણી જીવથી ન મારવી એવો વીચાર કરી કચેરીમાં મોકલાવે છે.

પ્રવેશ ૧૧—રસ્તા ઉપર ચતુરીની સી ગત થઈ તે બાબતનો દીલભરખાં

વિચાર કરે છે એટલામાં વીદુશક આવે છે અને તમને પકડવા સીપાઇ નીકળ્યા એવી દહેસત બતાવે છે ત્યાંથી દીલભરખા નાસી દીલી રવાને થાય છે અને બાદશાહને ચડાવાનો વીચાર કરે છે.

પ્રવેશ ૧૨—વીજયરાજની કચેરીમાં ચતુરીને પકડી લાવે છે પછી તેના નાક કાન કાપી દેશપાર કરવાનો હુકમ કરે છે.

પ્રવેશ ૧૩—લુટારાઓ રસ્તા ઉપર કોઇને લુંટવા બાબતનો વિચાર કરે છે ને જાય છે પછીથી ચતુરી ત્યાં પોતાના બદચાલનો અફસોસ કરે છે.

પ્રવેશ ૧૪—જંગલમાં ચતુરીને મેલી જાય છે પછીથી ચતુરીને સર્પ ડંસ કરે છે ત્યાં મરણ પામે છે તેને લુટારાઓ દાગીનાની લાલચથી ઉપાડી જાય છે.

અંક બીજો.

પ્રવેશ ૧—અલાઉદીનની કચેરી દીલભરખાં અલાઉદીનને વીજયરાજની રાણી ખુબસુરત છે એવું જાહેર કરી ચડાવો કરે છે અલાઉદીન લસકર લઇ ચડાઇ કરવાનો વીચાર નાચ ખુશાલી.

પ્રવેશ ૨—લસ્કરની ખુશાલી અને ગમત કરવી.

પ્રવેશ ૩—વીજયરાજની કચેરીમાં અલાઉદીનનો પત્ર લડવા જવા સબંધી વીચાર સામતસીંહ તથા કુલીનસીંહ વીગેરે તૈયારી કરવી.

પ્રવેશ ૪—જયમણી વીજયરાજ પાસે યાત્રા કરવા જવાની રજા માગે છે વીજયરાજ આનાકાની કરી રજા આપે છે અને સાથે દાસ દાસીઓ તથા થોડુ લસકર મોકલે છે તથા કુલીનસીંહ પણ સાથે જાય છે.

પ્રવેશ ૫—રસ્તા ઉપર જોગીઓની જમાત કાસી જાય છે.

પ્રવેશ ૬—જયમણીને તથા તમામ લસકરને વટલેલ રજપુત કેસરી-

સીંહ ઉર્ફે સરદારખાં જયમણીના રથને કબજે કરે છે પ-
છીથી ઓળખાણ થતા સ્વજાત અભીમાન રાખી મુક્ત કરે
છે જયમણી તથા કુલીનસીંહ ઉપકાર માને છે. અને એને
બાદશાહ પાસેથી છોડવાનું વચન આપે છે.

પ્રવેશ ૭—કાસીમાં જયમણી વીશ્વનાથની પુજા કરે છે અને ધર્મ
પુન ખુશાલીથી વીદાય થાય છે.

પ્રવેશ ૮—વીજયરાજની કચેરીમાં રૈયત પોકાર કરતી આવે છે મુગલો
ગાયો ઉપર કેર કરે છે તે જાહેર કરે છે પછી તમામ લ
શ્કર લઇ વીજયરાજ ચડાઇ કરે છે.

પ્રવેશ ૯—રાણીવાસમાં વીજયરાજ રજા લેવા જાય છે ત્યાં જયમણ
આનાકાની કરી રજા આપે છે ફુલની માળ આરોપે છે.

પ્રવેશ ૧૦—અલાઉદીનની કચેરી સરદારખાંએ જયમણીને પકડેલી મુ
કત કરી તે જાહેર થવાથી સરદારખાંને ફાંસી ઉપર લટકા
વવાનો હુકમ.

પ્રવેશ ૧૧—ઢેડ તથા ઢેડણ બંને ગમત કરે છે પછીથી સરદારખાંને
ફાંસી લટકાવવા લાવે છે પછીથી કુલીનસીંહ બાદશાના
માણસ ઉપર હુમલો કરી સરદારખાંને આપેલું વચન પાળવા
છોડાવી લઇ જાય છે બંને લશકરની લડાઇ રજપુતોની જીત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧—ચંદ્રપ્રભા પોતાના પીતા સરદારસીંહને ત્યાં કીલ્લા ઉપર
બેસવું ત્યાંથી કુલીનસીંહનું નીકળવું ચંદ્રપ્રભાનું કુલીનસીંહ
ઉપર આશક થવું બંનેની પ્રેમગાંઠની ખુશાલી.

પ્રવેશ ૨—વીજયરાજની કચેરીમાં અલાઉદીનનું આવવું બંનેની પ્રેમગાંઠ
બાંધવી પછીથી વીજયરાજને પોતાની છાવણીમાં બોલાવવાનો
વીચાર જાહેર કરવો અને આગ્રહ કરી સોગન દઇ જવું,

પ્રવેશ ૩ જયમણીનો રાણીવાસમાં અલાઉદીનની બેગમનું જયમણીને મળવા આવવું જયમણીએ બેગમનું અપમાન કરવું બંનેનો વાદવિવાદ કમળા બેગમએ જયમણીને મુસલમાની બનાવવી એવા સોગન ખાવા.

પ્રવેશ ૪—અલાઉદીનની છાવણીમાં વીજયરાજને જવું દગાથી વીજયરાજને કેદ કરવું અને જેલખાનામાં પહોચાડવું.

પ્રવેશ ૫—રસ્તા ઉપર વીજયરાજનું અફસોસ કરવું.

પ્રવેશ ૬—વીજયરાજ પકડાયાની જયમણીને ખબર પડવી પછી કુલીનસીંહ જયમણીને શાંત પાડી વીજયરાજને છોડાવવાનું વચન આપી સામંતો સહ તૈયાર થઈ નીકળી પડવું.

પ્રવેશ ૭—કુલીનસીંહનું સ્ત્રી થઇ જેલખાનામાં દાખલ થઇ વીજયરાજને છોડાવવું અને ફતેમંદ થઇ રવાને થવું.

પ્રવેશ ૮—અલાઉદીનનો વીજયરાજ નાસી ગયો તે બાબતનો અફસોસ કરી દીલ્લી રવાને થવું અને આવતા વરસે ફરી ચઢાઇ કરવાનો વીચાર જાહેર કરવો.

પ્રવેશ ૯—એક વાણીયણનો મુસલમાનથી પ્રેમ બાબતનુ રમુજી ફારસ.

પ્રવેશ ૧૦—કીલો બંધ તેથી તમામ લોકોએ દરવાજા આગળ ભેગા થઇ ગમત કરવી.

પ્રવેશ ૧૧—વીજયરાજ છુટયાની રાણીને ખબર થવાથી ઇશ્વર પ્રાર્થના કરવી અને ખુસી થઈ તમામનો મેલાપ.

પ્રવેશ ૧૨—સર્વ પાત્રો સાથે ખુશાલી ઇશ્વર પ્રાર્થના સત્યનો જય સનીનો ચીતાર વીગેરે નાચ ખુશાલી.

સમાપ્ત.

પતીવૃતા જયમણી નાટકના ગાયનો.

સુત્રધાર— ગાયન ૧

જય કર જય કર સંકર વિશ્વધર,
સહાય કરો સૌ ઉપર દયાળુ
રંગ ભુમી વીશે સુમતી આપો,
માફ કરો પ્રભુ અગણીત પાપો.
કસ્ટ નસ્ટ દીનજન કેરા કાપો,
કાર્ય સફળ કરી સુબુદ્ધી આપો જયકર

નટી— ગાયન ૨

પતીવ્રતા નારી, ધન્ય ધન્ય છે,
નીરમળ મનને, કોમળ તનની,
દુઃખ સીર સહેછે...... પતી
અખીલ જગતમાં, થઇ જય શાળી
ધર્મ મુર્તી રસ, રીતે રશાળી
ઇશ્વર પ્રકતી, કરે છે નીરાળી
અનેક કુલટાને, કોઇ શીયળવાળી
દુઃખ સુખ સાથે રહેછે પતી
કાચ કદી હીરો, નવ થાસે
કથીર નહી, સોનુ કહેવાસે
એ રચના પ્રભુ, કેરી પાસે
શીયળ વીના, બધુ ભંગ છે પતી

બાળાઓ— ગાયન ૩

ગયું મોટું ગ્રીસ્મનું ફાંસું, આવ્યું સરસ ૠતુ ચોમાસુ
કરે કોકીલ સરસ પોકારા, મારે વિજળી ખુબ ચમકારા
મોર નાચે તાતા થેઇ સારા
વાહ વાહા, સરસ ૠતુઆ, કેવી મજા, ઠંડક છે ખાસુ, આવ્યું
બની સરસ ઘટા આબરણી, કેવી લીલોતરી ઉગી બહુ વરણી
કેવી ઇશ્વર તારી કરણી
ભગવાન. આવતુ જ્ઞાન, દયાનુ દાન, સુખકર ખાસુ. આવ્યું
જેને મળ્યા પતી નાદાન, તેની ઉડી ગઇ સુધગ્યાન
તેના ખોટા માબાપ અગ્યાન
કીરતાર, તારો આધાર, મને તુ તાર; આપ ગુણ ગાસું. આવ્યું

કરબારીઓ— ગાયન ૪

જય જય રહો, નીસદીન, રાજતાજ
નીત નીત થાજો, ચડતી સદાય
પડીએ પાય સૌ, ખુશીથી આજ, જય
વિજયરાજ, મહારાજ, ચરણમાં
નમે કરજોડી, સઘળા,
રે રે, મ મ, પ પ સા, પ ધ પ, મ ગ રે સા
નકતર, કીડ નક, નીકતર, કીડ નક
ધીકતા, ધીકતા, કીડાન
ધીકતર, કીડનક, કીડનક, કીડનક
ધા, ધા, ધા, અચળ રહો, તમ રાજ તાજ જય.

સામતસીંહ— **ગાયન ૫**

હું છું તમારો આભારી, કાકાજી મારા
હું છું તમારો આભારી
સદા, સારી, રીતે, કામ કરોછો વિચારી. કાકાજી
રાજતાજ તપે ભારી, જગતમાં કિરતી પસારી
આશીશ આપો બહુ સારી કાકાજી

વિજયરાજ— **ગાયન ૬**

મ્હારા ખુશી બહુ થઇ
કેવા વચનો વિવેકી ઉચાર્યા
આભારી, હું કંઇ નહી
વાહા રાણા રાય, કીધો પ્રફુલીત મુજને
સંકા, દુર ગઇ ગઇ

મણુભારોટ— **ગાયન ૭ કવીત**

સ્વર્ગ મેતો ઇંદ્રાસન, તારા બીચ જેસોચંદ
બળી જેસો દયાવંત, ભુપ તો સાક્ષાતહે
કદર વાન, ગુણ નીધાન, યાચકકુ દેત દાન
મોહસે કયા કરૂ બખાન, પ્રજાકો માત તાતહે
મહારાજ આપ રાજ જેસો, દેખ્યો નહી દુજો એસો
ન્યાય મેતો ચલત કેસો, શોભે સીરતાજ હે
ગુણતો ગણુ સમાન, શુરમે તો પુરો જાન
કરત નીત્ય શીવ ધ્યાન, જેસો રામ રાજ્ય હે

વારંગનાઓ— **ગાયન ૮**

રહો ગાદી અવીચળ માગીએ, સદાય મનમાં
મનમાં, મનમાં, મનમાં, મનમાં મનમાંરે રહો

અમરવેલ સમ વંસજ વધજો
ગાયે દાસી સૌ દીલમાં, માગીએ સહાય મનમાં રહો
ગૌ બ્રાહ્મણના પ્રતીપાલક છો
જય જય થાવો જગતમાં, માગીએ સહાય મનમાં રહો
સુર પુરમાંતો મહા ગુણીછો
કવી કથે શું એ દીલમાં, માગીએ સહાય મનમાં રહો

ગાયન ૯

આમતસીંહ તથા વીઠલ તથા છગન તથા મગન—

વીધાવાળા નર, કરે સૌ મનનુ ધાર્યું
વીધા વીનાના નર, ફરે જેમ પશુ અકારૂ
વીધા વાળા નર, રાજ સભામાં બેસે
વીધા વીનાના નરને, ધકા સીપાઇઓ દેશે
વીધા વાળા નરને, આવો ભાઇ સૌ કોઇ કહેસે
વીધા વીનાના નરને, માન તો કોઇ નહી દેસે
વીધા વાળા નર, લક્ષ્મી ગમે ત્યાંથી લાવે
વીધા વીનાના નર, ટોપલી પૈસે ઉડાવે
સાચી મુડી જગતમાં, વીધા અપરંપાર છે
વીધા આગળ લક્ષ્મી પણ, લાખવાર લાચાર છે

ગાયન ૧૦ ગરબો.

જયમણી તથા સાહેલીઓ—

સખી સજીએ નીતી સણગાર, ભજીએ ભગવાનને
તજો તજો અનીતી અહાર, સજો સીયળ જ્ઞાનને
સીયળ નીરમળથી સ્નાન કરીએ,

પતી પુજનમાં તો ધ્યાનજ ધરીએ
કરીએ સત્ય સગાથરે, ભાવ ભક્તિથી કરીએ
સાખી—પટકુળ પહેરો પ્રેમના, સુંદીર ભાત સુભાત
કસીએ કંચુકી કારમી, સદા નાથની સાથ
લજા કંકુ કેરો આડરે, કરીએ બેની રે સાહેલીઓ
વીવેક કંકણ પહેરો હાથરે, બેની મારી રે સાહેલીઓ
સાખી—કમળ નેન ઉછરંગથી, પુજીએ પ્રીતમનાથ
અમૃત જેવા વચનથી, ચાલીએ સ્વામી સાથ
લીઓ લીઓ દયાની, ચુંદડી સીરપર ઓઢીને
પહેરો ઝાંઝર સત્ય સંગાથ, રૂમ ઝુમ દોડીને
સાખી—નીતી રીતીથી રાખીએ, સીયળ પ્રાણની સાથ
જીવ જાય ભલે દેહથી, તોય ન છોડીએ હાથ
પ્રાણ થકી એ પ્યારૂ તો, ગણીએ
પતી પુજન નીત સુખથી, ભણીએ
સતીને એ સણગારરે, સગળુ બીજુ વથા છે
ચતુરી—ચીતારી— ગાયન ૧૧
હું છુ નખરા વાળી નારી, કરૂ સતીને વ્યભીચારી
મારી કરશે જે કોઇ યારી, તેને પહેલા હું ઠગનારી
મારૂ નામ ચતુર ચીતારી, હુશીયાર ચીત્ર કામમાં ભારી
પહેલા તનમન અર્પણ કરીને, શીશામાં ઉતારૂ
પછી ધનમાલ લુટી લઇને, કાઢુ પીવગાવી દારૂ હું છુ
આંખ્યોના આંધળા ખોઆના તર, આવે મારી પાસે
મારી કાપી હાર કરીને, લુટુ ધન ઉલાસે હું છુ

ચતુરી-થી-- **ગાયન ૧૨**

આવો આવો દીલજાન પ્યારા ગારા
આવો આવો દીલજાન
આવો આવો ખુબ લજ્જત ઉડાવો
હું તમપર કુરબાન
લોંડી થઇ તમ હાજર રહીશ હું
તમો પ્યારા મુજ સ્વામ
હું છું જારની ગુલામ આવો

દીલભરખાં— **ગાયન ૧૩**

પ્યારી રસીલી છબીલી, દીલભાગ ગઇરે
સુરત ગમે પ્યારી, લગત મોહ કારી
નેન કટારી મુજે, માર રહીરે પ્યારી
અજબ મુરત તેરી, સુરત ગજબ હે
હંસ જેસી ચાલ, લોભાય ગઇરે પ્યારી

દીલભરખાં-- **ગાયન ૧૪**

પ્યારી પ્યારી સુરત તેરી વાહ વાહ વાહ
લંબે લંબે બાલ તેરે વાહ વાહ વાહ
યા ખુદા મહેરબાની કરદે
ઇસ દીલ ભરકુ જાની કરદે
ઇતની તુ અયશાહની કરદે વાહ વાહ વાહ

દીલભરખાં— **ગાયન ૧૫**

દીવાના હો અર્જ કરતા હું, બરબાર યા ખુદા
પુકાર મુજ સુનો પરવર, દીગાર યા ખુદા દીવાના
ફીદા હું ચંદ્રપ્રભા પે, કુરબાન મેરી જાન

મુજે વો બોસા દીજીએ, દીલબર યા ખુદા દીવાના
ચહેરા ઉસકા હોગા કેસા, ફીદા હુ જાનો મન
મીલુગા કબ માશુકકો, બસ બસ હુ ફીદા દીવાના

ચતુર ચી— ગાયન ૧૬

રસોઈ રંગીલી મે છબી બનાવી
ચીત્ર કામ બહુ ભારી છે
અનેક તરેહના રંગ ભરીને
આબેહુબ ઉતારી છે
ખુબી સારી, ખુબ સારી, ખુબ સારી છે
બહુ ભારી, બહુ ભારી, બહુ ભારી છે
સોભા સારી છે
મને પ્યારી છે
જાઉ જલદી, હવે જલદી, ઇનામ જલદી, મળે જલદી. રસોઈ

જયમણી— ગાયન ૧૭

પ્રભુ પ્રીતમ પ્યારા, નામ જપુ હુ તમારૂ
સરણે છે દારા, પતી ભજન ઉચારૂ પ્રભુ
નીસદીન ભજન, કરૂ પ્રીય પતીનુ
એ વીણુ બીજુ, અકારૂ પ્રભુ
સમરણ, સરણુ, ચરણુ તમારૂ
નીતી રીતીથી, વિચારૂ પ્રભુ

દાસીઓ— ગાયન ૧૮

રાણી રાણી તમોછો સુજાણુ, વિનતી અમ સ્વીકારજો
પતી પુજન કરો છો નીરવાણુ, દયા દીલે ધારજો
પતી પુજન કરો, પ્રીતે, પ્રીતે, કે

સ્નેહ સાચો, સખો, ચીતે, ચીતે, કે
પતીથી પીતી સારી, સખો આ રીતો ધારી
વ્યન અમ્રત જેવા, વદો છો તમે — શાણી

ચતુર-શ્રી— ગાયન ૧૯

છબી સુંદીર બનાવી ને લાવી (૨)
પ્રેમ ધરી ચીતરી, છબી મેં તો સુંદરી
ઇનામ આપોને હસાવી — છબી
આશા મને છેરે ઘણી, આપ નામદાર તણી
કૃપા કરો મન ભાવી ભાવી — છબી

દાસીઓ— ગાયન ૨૦

ધન્ય, ધન્ય, આપ પતીવ્રત ટેક (૨)
પતી ધરમમાં, રહોછો નીશદીન
રાખી મનમાં વીવેક — ધન્ય
અનીચારી કામ, કરયું રંડાએ
નીચ અધરમી છેક
છેક છકી, હદબાર ગઇ તે
સમજી નહી કંઇ વીવેક — ધન્ય

જયમણી— ગાયન ૨૧

અરે લાવો, બોલાવો, નીચ દુસ્ટ ચતુરીને પકડો
જાઓ સતવર ધાઓ — અરે
ખટપટ કપટ આ કીધું તેણે, જરાય મનમાં ન વીચાર્યું એણે
ખુબ છકી હદ બહાર ગઇ તે
તે દુસ્ટાને અહીંઆ સતવર લાવો — અરે

દીલભરખાં— ગાયન ૨૨

ઐશાન માનુગા મૈ, ઐ ચતુરી સુન તેરા
રૂપૈયે લે લે પ્યારી જાન, ઇનામ એ તેરા ઐશાન
ભુલા કે લા ચતુરી, તુ વો પ્યારી જાનકો
રાનીબના રખુગા મૈ, દીલ આસમકો એસાન
દીલમે અદા વો પ્યારીકી, બહોત આતી હયે
તસબીર વો લેલીકી, મુજે બહોત ભાતી હયે ઐસાન

જયમણી— ગાયન ૨૩

નીચ રંડા કયું, ખોટુ કામરે (૨)
સમજે સમજે, શુ દુસ્ટ તેના મન માંહી
મારૂ તોડી પાડુ હું, ધરા ધ્રુજાવુ ધનનન રંડા
અત્રીચારી મને ધારી, ચતુરી નંઠારી ધીક
અસી થકી કાપી નાખુ, ઝટ તુને સરરર રંડા

દાસીઓ— ગાયન ૨૪

ક્ષમા કરો પ્યારી અમારી, વીનતી આ વારી
લેજો સ્વીકારી, પ્રેમથી, પ્રેમથી
તમ પાસ આવી, ખટપટ ચલાવી
માફી કરો અંતરથી, રહેમથી, રહેમથી ક્ષમા
કશુર છે ઘણો ઘણો, નીચ આ ચતુરીનો
એટલુ છતાં જવાદો, રહેમથી, રહેમથી ક્ષમા
સુદ્ધ સનેહ ઠારી, બાઇ તમો સારી
દયા કરો સ્રી જાણી, પ્રેમથી, પ્રેમથી ક્ષમા

વિજયરાજ— ગાયન ૨૫

ધીક છે ઠગારી, વ્યભીચારી ધીકાર

છે લાખ ફીટકાર, મારૂ ઠાર, પત્ર શો આવાર
ફીટકાર ફીટકાર, સર્મ ન આવી લાગર
દુષ્ટ કામ કેવું કરયું, મન તારૂં નહી ડરયું
પાપે દીલ તારૂં ભરયું, કરતાં ક્રત નહી ફરયું
ધીક છે નાદાન, ભુલાવું, તારી સાન
નીચ બેમાન, અસી થકી મારૂ તને ધીક (૩)

દીલભરખાં— ગાયન ૨૬

હાય ફસા મે ફંદે કરીમ
ગઇ માશુક મેરી ચતુરી રહીમ — હાય
બચા મુજકો માલીક, ગીરફતારસે
અેસાન માનુગા મૈ, દીલે રામસે — હાય
તેરા આશરા, બહોત મુઝકો તો હય
શાહકી બેગમ ઉસકો, બનાઉ ઠીક હય — હાય

વિજયરાજ— ગાયન ૨૭

મારૂ તુજને અહી અહી
પ્રગટયો દીલમાં કાળ અપાર
લાજ માજ તજી રાજ તણી તે
ધીક, ધીક, અવીચારી
પ્રપંચની તું ભારી
બેમાન, નાદાન, અજ્ઞાન, — મારૂ

સામતસીંહ— ગાયન ૨૮

ધીક અવીચારી, બુધિ તુજ નઠારી
કાન નાક કાપી એને, ગધે બેસાડો
મારોને તલવાર કટારી — ધીક

ચતુરી ચી—કશુર આવો છુ, કદી કરીશ નહી
માફ કરોને આ વારી ધીક

સામતસીંહ—નહી નહી નહી કદી, તને છોડીશું
હદપાર કાઢીસ આ વારી ધીક

ચતુરી ચી— ગાયન ૨૯

શુ કહુ કર્મની વાત, આજ દુખ ભારી
આ સર્પે મુજને ડસી, થઇ ઘા કારી
દુરભાગી છુ નીરધાર, દુખ છે મોટુ
બુરાઇનુ પરીણામ, આખરે ખોટુ
મન મારૂ બહુ મુંઝાય, હાય શુ થાસે
આ તનમાં લાગી લહાય, દુખ બહુ ભાસે
પ્રભુજી મુજને સહાય, થાવો તમો આજે
મે કર્યાં કૃત્ય બહુ બુરા, તેની થઇ દાઝે

લુટારાઓ— ગાયન ૩૦

ચાલો ઝટપટ, થઇ ચટપટ, ખોળીએ સીકાર
મારી કાપી ઠાર કરી કોઇ લુટીએ ભંડાર
માતાજીને કરો માનતા લગી લળી સરદાર
નાચી કુદી આનંદ થઇને, ઉડાવીએ ખુબ બહાર
અલ્યા સામને શુ દેખાયે, થા જલદી તૈયાર
હળી મળીને ચાલો સઘળા, કરીએ એને ઠાર

સમાપ્ત.

અંક ૨ જો.

દીલભરખાં— ગાયન ૧

સેનશાહ સુનો, ફીરીયાદ મોરી સેન
બેહદ ગુના કીયા હય રાણેને
બેયમાન સેતાન ને આન તોડી તોરી સેન
મુલક વો લીજે, હુકમજ દીજે, રાણેકુ કબજેમે કીજે
રાનીસે તુમ પ્રીતી જોડો, નાદાનકી મગરૂબી તોડો
નકતર કીડનક, ધીકતર કીડનક, ધીતા, ધીતા,
કીડન, એકબાર કબજે કીજે, વાહ વાહ વાહ સેન

અલાઉદીન— ગાયન ૨

તૈયાર કરો તુમ લસકરકો જા, ક્ષત્રી નાબુદ નામ કરો
કાફરો, બીએરો, નડરો, બહાદુરો
કરને કતલ શમશેર ધરો તૈયાર

દરબારીઓ-નામદારકા હુકમ ઉઠાકે, ઉજ્જડ કરે મેવાડ સારા
એક દમ, કરે કમ, ચડે હમ, ઉસકા દમ
નાદાન કયા હય બીચારા તૈયાર

અલાઉદીન-શાબાશ, શાબાસ, બહાદુર સબ જાવો
જય મણીકો કેદ કર લાવો
કહે તે હમ, ઉસકા દમ, કરો કમ, એકદમ
જાકે જલદી ઉસકો લાવો તૈયાર

દરબારીઓ-બહોત બહેતર જાતે હય હમ, તોડે વો નાદાનકા ગુમાન
બેમાનકો હેરાન, નાદાનકો હેરાન
કરેગે જા ઉસકો હેરાન તૈયાર

વિજયરાજ— ગાયન ૩

ક્ષત્રી વીરા સુરા ધીરા હાથ લીઓ શમસેર
મારી કાપી તુર્ક લોકને, વાળો આપણો વેર
અધર્મી અભીમાન બતાવી, કરે છે બહુ કેર
છે પ્રથ્વીમાં ક્ષત્રી જાયા, તુર્કને કરવા ઠેર
શુરા વો ખરા, તુર્ક વધ કરવા
તૈયાર બનીને, શમશેર લીઓ કરે ક્ષત્રી

સામતસીંહ— ગાયન ૪

રજા તમો આપો કાકા બાપુ મારા
મારી કાપી, ઠાર કરી, શમશેર ધુજાવુ પ્યારા આપો
નીચ લંપટ અવીચારી, ફુલી ગયો છે મનમાં
લહાય લહાય પ્રગટી જાય, કાકા બાપુ મારા તનમાં
ક્રોધથી સંહારી નાંખુ, રીપુને વીદાગી નાંખુ
ધુતારા, ઠગારા, સમજે, શુ નઠારા આપો

સામતસીંહ-કુલીનસીંહ— ગાયન ૫

સમશેર કાઢી, ધરણી ધુજાવી; કરીએ અરીને ઠાર
રજા આપોને શાણા રાણા, કરશો નહીં કંઇ વાર
વીજયરાજ—શુરા વીરા તમો ધીર ધરોને; છો નાનેરા બાળ
સા— કુ—રજા આપોને કાકા બાપુ, છીએ અરીના કાળ
વીજયરાજ—અમ્રત જેવા વચન તમારા, સુણી આવે છે વહાલ
સા— કુ—ચાલોને જઇએ સૌ હમણા, લડવા હાલને હાલ

જયમણી— ગાયન ૬

રજા આપો પ્યારા દીલધારી, યાત્રા કરવા જાવુ છે
સંઘ ચતીસે સાથે લઇને, ગયાજી મારે નહાવુ છે

પ્રેમ ધરી રજા આપો, તમો પ્યારા આની વાર
નહી નહી નહી ખોટી, કરશો લગાર
લશ્કર થોડુ સાથે મને, કરી ઘો તૈયાર રજા

બ્રાહ્મણ— ગાયન ૭

દુખદાય ગાય અપાર જોઇ મન બહુ મુઝાય છે
બહુ કેર વરતાવે તુરકડા, શી રીતે સહેવાય છે
દુખ વર્ણવી ન સક્રાય જેના, શોક શો આથી વડો
ક્ષત્રી હોય તો વારે ચડો, ગૌમાતની વારે ચડો

રૈયત— ગાયન ૮

મેવાડ ભુમીના ભુપાલ વીનતી ઉર ધરો
સુગુણ સૌ ગૌમાત કેરા ધ્યાનમાં ધરો મેવાડ
જીવ જાય છરી મુકાય હાય ગાયતો
મનથી, તનથી, ધનથી, સુખને થાપો
દુખને કાપો, પાપો અમાપો, દેખી દુખ હરો મેવાડ

વિજયરાજ— ગાયન ૯

યવનોને ઠાર મારૂ, નકી મારવા દીલધારૂ
ક્ષત્રી થઇ હુ ન છોડું, નકી વધ કરવા દોડું
યવનોને કરૂ ઠાર ઠાર, કહાડુ દેસપાર
દીલ શાન્તી પામુ જ્યારે હુતો, કરૂ અરી સંહાર

સામતસીંહ— ગાયન ૧૦

અમો રજપુતના જાયારે, તમે બીવરાવો હમને શુ કામ
રજપુતના તનમાં શુરાપણુ છે, હારજીત કરે તમામ અમો
સર્વ તુરકોને મારી નાખીને, કાઢીએ જગમા નામ અમો

રજપુત બચ્ચો રણુની રમતમાં, પાછો ધરે નહિ હામ   અમો
ઢાલ તરવારને બંદુક બરછી, લઇ ચાલો સુરા તમામ   અમો
આવી વખતમાં પાછા રહીએ, હસે સૌ લોકો આ ઠામ   અમો

કુલીનસીંહ— ગાયન ૧૧

જાઓને આવાર, મીત્ર મારા જાઓને આવાર
નવ કરસો વાર લગાર, મીત્ર મારા, જાઓને આવાર
આભાર તમારો, નહી વીસરનારો
બજાવ્યો મીત્ર તે, મીત્રનો ધારો
ગુણ તમારા હુ, નહી ભુલનારો

સરદારખા—રક્ષા કરશે જગદાધાર   મીત્ર

કુલીનસીંહ—પ્રીતીની રીતીથી, નીતી બતાવી
ભીતી તજી દઇ, કીરતી જાણાવી
જગ તાત કરશે, સહાય આવી
નહી ભુલીએ ઉપકાર   મીત્ર

જોગીઓ— ગાયન ૧૨

મુરખડા મનડા તે તારૂ પોત પ્રકાસ્યું
અભાગી જીવડા કેસે કમાડ સીદ વાસ્યું
સત સંગમાં તું કાંઇ નવ સમજ્યો, જાણી ન મીઠી વાણી
અમ્રત પ્યાલો અળગો કરીને, પીધુ વીખનુ પાણીરે   મુરખડા
દેહ ધરી તેં સુક્રીત કરવા, સમજી લે હેવાન
અંત સમયમા શું નીપજસે, તેનુ લાવ તું ભાનરે   મુરખડા
નીર ભરી આવણુ વાદળીઓ, વીખરાતા શીવાર
ઝાંઝવા જળની આશા રાખીને, બેશે કેમ ગમારરે   મુરખડા

જયમણી તથા સાહેલીઓ—ગાયન ૧૩

જય દેવ, જય દેવ, જય સૃષ્ટી કરતા
શીવ જય સૃષ્ટી કરતા, દુખ તણા છો ભંજન
સુખ સદા કરતા   જય
અખંડ અદભુત, રચના તારી
છે સૌને પ્યારી, શીવ છે સૌને પ્યારી
નમી નમી આશીશ માગીએ,   જય
કર કરૂણા તારી
નીસદીન ધ્યાન ધરે શીવ તારૂ
મોક્ષગતી પામે, મોક્ષગતી પામે
દુખ કાપી સુખ આપો, હે અંતર યામે   જય

સાહેલીઓ વીગેરે—   ગાયન ૧૪

બની કેવી, આ બહાર (૨) ફરોને સૈયર સૌ સોખમાં
ખીલ્યું હૃદય અપાર (૨) આનંદ આપે ત્રણલોકમાં
પ્રગટયો મદન વદન મનમાં, બોલે કોકીલા ખુબ વનમાં
ઓચ પૂરો સોખમાં   બની

સાખી—ચંદ્ર જોત ઉજવળ થઇ, આપે તેજ અપાર
બની બહાર તો આજની, આનંદી સુખકાર

મોગરો માલતી ખીલેલી રાતી, જોઇ જોઇ ખુબ છાતી ચીરાતી

સાખી—પહેર્યા પટકુળ પ્રેમથી, દંભે દીલને હાય
કોકીલના અવાજથી, છાતી ખુબ ચીરાય

ગમે ન કાંઇરે, સખી મને, ગમે ન કાંઇરે
વેલી વીંટેલી, જોઇ બળે, હૃદય બેહાઇરે

કહુ હું કોનેરે, બેની મારી, કહુ હું કોનેરે
નીશાસા નાખી, દીલગીર બની, મનમા રોવુંરે

સાખી—મન સાગર અંદર મુકયું, સત સમાગમ નાવ
પલકમાં પાર ઉતારશો, જગતાત દે દાવ

પ્રભુ નાવ્યા પ્રભાત (૨) આનંદ આપે ત્રણ લોકમાં

અલાઉદીન— ગાયન ૧૫

લે જાઓ ધરકુ ઝટપટ
ટાંગો ફાંસી પે જા હાલ
તેરા ભરોસા રખાતા તુજને
તુજને કીયા કામ, બહોત બેહાલ
હરામી તુજને કીની, હલાલીકો છોડ દીની
પ્રપંચ ભારી, કીની નાદારી
લટકાવો ફાંસી પે જા હાલ

કેસરીસીંહ— } ગાયન ૧૬
ઉર્ફે સરદારખાં }

જો અસરતે, આકર મીલે, તો વો બી ભરજાના મીયાં
યા દર્દ દુઃખ આકર પડે તો વોબી ભરજાના મીયાં
યા સુખમે યા દુઃખમે ગર્જ ગુજર જાના મીયાં
એ ચાર દીનકી ચાંદની, આખરકુ મર જાના હીયાં

વિજયરાજ— ગાયન ૧૭

અલાદીઆ ખુનીને, મારૂ હું નીશ્ચે પ્યારી
બતાવે છે જોર ભારી, કરૂ હું તેની ખુવારી
નીચ લંપટ ક્રુર એ, સમજે શું અવીચારી

દાવ પેચ, કપટ જાળ, ભરી છે સૌ મારા તનમાં
નીચ આજે આવ્યો કાળ, જાણુજે તુ તારા મનમાં
મારૂ હુતો તેને મારૂ, અસીથી પકડી સંહાર
વાણી પ્યારી, એની સારી, લાગે છે, મુને પ્યારી અલાદીઆ

જયમણી— ગાયન ૧૮

માનુ ન માનુ જરાય, પ્રીતમજી માનુ ન માનુ જરાય
વહાલા તમો જાવો નહીરે, જાવો નહીરે રે ન માનુ
મુજ સમ રાજ રતનને છોડી, મેલીને જાવું છે કયાય રે ન માનુ
તમ ગયેથી ઉદાસ રહુછું, મન મારૂ તો મુઝાય રે ન માનુ

વિજયરાજ— ગાયન ૧૯

રજા દેને તું વહાલી પ્યારી
જાવું, રણમાં, આજે, ભારી ભારી ભારી રજા
જાઉ રણમા આવાર, કરૂ શત્રુને ઠાર
વખત આ જાય છે, ખાલી ખાલી ખાલી
જવાદે, જવાદે, પ્યારી મારી વહાલી રજા

જયમણી— ગાયન ૨૦

મારા પ્યારા પ્રાણ આધાર
વહેલેરા પાછા આવજો
જઇ યવન સેનને ધુજાવજો
જગ વીસે કીરતી ગજાવજો મારા
થસે સહાય જગતના તાત
પુરશે આશા ભોળાનાથ
શમસેર રણમાં બજાવજો મારા

વિજયરાજ— ગાયન ૨૧

પ્યારા સરદારો ચાલો, વાળો યવનોનો ઘાણ
મારો મારો મારો ક્ષત્રી, ધર્મને વીચારો
જરા હીમત ન હારો, મારો મારો તેગથી
મલેછોને વેગથી, કરો કેસરીયા તો હાય
ઝુકી પડો રણ માય, યવન ન જીવતો જાય
જાયતો ગજબ થાય, હાય, એ ગજબ થાય પ્યારા

સીપાઇઓ— ગાયન ૨૨

યારો સબ પીયો પીયોને શરાબ (૨)
અમુભાઇ લોને, નુરભાંઇ લોને
ચાંદભાઇ લોને, ન પીવે ઉસકા
ખાના ખરાબ, યારો સબ
ઇસકે અંદર બડી, મજા આતી હય
જેસે બને હે નવાબ, યારો સબ

કેસરીસીંહ—
ઉર્ફે સરદારખાં ગાયન ૨૩

સરવર દાતાર, માલીક ગફાર, દાતાર આલા
ઓ તોરી વારી પે સરદારી બલીહારી સારી સરવર દાતાર
આલમ મે સરદારી તોરી, ગજબ હે દાતારી તોરી
જાતી હે જીંદગાની, બચાદે ફર અયશાની
અેસાન માનુગા સરવર દાતાર

મમલોટડ— **ગાયન ૨૪**

ભાગને રાંડ તુ, ભાગ અહીયાંથી
આવ્યું છે મોટું સીકાર હો
જાને છાની માની તુ મુઇ સોમલી
ગડબડ કરીસતો નાક હું કાપીસ
કાઢીસ ઘરની બહાર હો જાને
હમણા તો જોર તારૂ વધી ગયું છે
વચમા કરે ખટપટ હો જાને

સોમલી—લે મુવા હુંતો આ ચાલી
બીજી માને કરજે વહાલી
થાકી છેડો વાળી વાળી
હાય હાય હાય જાને

વિજયરાજ— **ગાયન ૨૫**

અરે મલેછ જાત ગમાર, શાને માટે તુ ગર્વ કરેરે
તને પકડીને મારીસ ઠાર શાને
નથી જોયા તે કોઇ ક્ષત્રી બાળ શાને
તારો આવ્યો નજીક હવે કાળ શાને
તારૂ રાજ મારી કરૂ પાયમાલ શાને
તારી બેગમોને કરૂ બે હાલ શાને
તને જીવતો ન જાવા દઉ આજ શાને
તેં ધાર્યું છે નીરલજ કાજ શાને

સમાપ્ત.

અંક ત્રીજો.

કુલીનસીંહ— ગાયન ૧

જોઇ અજબ, ગજબમે, સુંદરી સુંદરી જોઇ
રસીલી, હસીલી, છબીલી, રંગીલી
મોહાવે, લોભાવે, મનને ભમાવે જોઇ
મધુરીના, નેન બાણુ, કાળજુ કાપે છે
કોકીલા, કોમળાંગી, ચીતને ચોરી વહી ગઇ જોઇ

ચંદ્રપ્રભા— ગાયન ૨

મારા ચીતડામાં, ચોટયા ચતુર ચોર
કેવા ચોર, સારા ચોર
વાહ વાહ વાહ રસીક વાહ વાહ વાહ
મારૂ હયું હરનારા મધુરા મોર
કેવા મોર, સારા મોર
વાહ વાહ વાહ રસીક વાહ વાહ વાહ
પ્યારા પ્યારા પીઉજી, વાહરે રસીયા મારા

ચંદ્રપ્રભા— ગાયન ૩

કેમ છબીલા સલુણા રાજ પડતી મુકો
વાહ મારા રસીલા મન ગમતા ચતુર ચેતી ચુકો
શરમાવો સીદને આજરે ઓ શામળીઆજી
ઘભરાશો નહી મન માયરે ઓ પાતળીઆજી
સ્વીકારો દાસીની વાણુરે થઇ પ્યારા રાજી

કુલીનસીંહ—જાવા દોને, જાવા દોને

ચંદ્રપ્રભા—મોહન રહોને, મોહન રહોને, રે રસીલા વહાલા
રે છબીલા વહાલા, છો મન મેલારે

કુલીનસીંહ—નથી પ્રેમ ઘેલારે. આ આ આ
ચંદ્રપ્રભા—ઉ, ઉ, ઉ, ઉ, મોહન રહોને
કુલીનસીંહ—જાવા દોને, કેમ છબીલા
ચંદ્રપ્રભા— ગાયન ૪

મારા પ્રેમી પ્યારા આવો આવો
આવો આવો રસીકવર આવો

કુલીનસીંહ—કેમ શાણી થઇ સરમાવો
નહી સરમાવો, નહી સરમાવો

ચંદ્રપ્રભા—મધુરા શા વેણ, વહાલા લાગે રસીલા
પ્રેમ કરી પ્યારા આવી બેઠા છબીલા
છબીલા, છબીલા, પ્યારા છબીલા

કુલીનસીંહ—ક્ષત્રી ધર્મની, તમો જાણોને રીતી
સાસ્ત્ર, મુકી ચાલો ધારી અનીતી
બીતી બીતી રાખોને મન બીતી

કુલીનસીંહ— ગાયન ૫

પ્રેમ ઘેલી, વેલી ઘેલીરે, મને જાવા દે
જાઉછું પણ, જીવ અહી છે
નવ રોકો મુજને વહાલીરે. મને જાવા દે

ચંદ્રપ્રભા—પ્રીય જાસો મેલી વેલીરે, પ્રીય પ્રાણજી
પ્રાણ તમારા વગર ગમશે નહી
તમો માનો પ્યારા મારારે. નવ જાવોજી

વિજયરાજ— ગાયન ૬

ધન્ય ધન્ય તમારાથી મીત્રાઇ થઇ
મીત્રાઈ થઇ દીલગીરી ગઇ ધન્ય

અનાદી કાળનો દુસ્મન હાવો
તુટીને આજ પ્રીતી વધી ગઇ ધન્ય
પ્રાણ થકી છો પ્યારા અમારા
પધાર્યા આજે વીશ્વાસ લઇ ધન્ય

અલાઉદ્દીન— ગાયન ૭

ખુબી મેંતો તેરી દેખ, ખુસી હુવા પ્યારા અબી
નહી મેને દેખી કંઇ, નારી એસી સતી કબી ખુબી
મેને સબ ક્ષત્રીઓકો, ખુબ બનાયે લાચાર
વાહ મંજુર કર રાણા, મે સપાઇ તેરી ખુબી
એસી ચાલાકી મેને, દેખી નહીથી કીધર
શાબાસ હય શાબાશ હય હુંશીયારી તેરી ખુબી

જયમણી— ગાયન ૮

બેસ તુરકડી ધુતારી, તને શરમ ન લગારી
કરણ ઘેલા કરી નારી, થઇ તુરકની તુ પ્યારી બેસ
સતી ધર્મ દુર કરી, અનીતીને મન ધરી
એમાં સુખ નહી જરી, માનજે તુ ખરેખરી
ધીક ધીક તારૂ નામ, નીચ થઇ બદનામ
ક્ષત્રાણીનું ખોયું નામ, એવું કરયુ તેં તો કામ
આખરે થસે તારી, એમાંતો ખુવારી બેસ

બેગમ—અરે જીભ બંધકર, શરમ તુ મન ધર
સુખ કેમ પરહર, ખુવાર થઇસ આખર
જરા કર મન વીચાર

જયમણી—ધીક તને ફીટકાર

બેગમ—માર તને અહીં ઠાર

જયમણી—ફીટકાર ફીટકાર

દાસીઓ—થુ—થુ—થુ બેસ

બેગમ— ગાયન ૯

રંડા તને દાસી હું મારી બનાવું
દાસી બનાવું પાણી મુજ પાવું રંડા
અભીમાનમાં છેક છકી ગઇ
શરમ છોડીને મોટી બની ગઇ
જા જા હું તારી કપાઉ રંડા

જયમણી—સુપકર હજામડી
જારે ગુલામડી

બેગમ—ત્યારે બેગમ હું સાચી કહાવું. રંડા

વિજયરાજ— ગાયન ૧૦

દગો કરી દુસ્ટ ફસાવે શુ આમ (૨)
ક્ષત્રી બચ્ચો સાચો તે શુ જોયો નથી
લાચાર છુ શમસેર પાસે નથી
ભુલાવું તારૂ હું ભાન દગો
ન:દાન તે અપ માન્યો છે મુજને
આખરે ખુવાર કરીશ હું તુજને
ભુલાવુ શુધને શાન દગો
જુલમ આ થાય, કેર કરે હાય
દીસે બળે લહાય, નહી તે સહેવાય
લાચાર છુ આવાર ખરેખર
ઉતારૂ તારૂ ગુમાન દગો

વિજયરાજ— ગાયન ૧૧

મને વચને ભોભાવીને, દગો દીધો, દગો દીધો
ફસાવી ફંદમાં સુજને, દગો દીધો, દગો દીધો
છાવણીમાં બોલાવીને, બીછાવી કપટ જાળ
રણમાં આવી લડત તો, આણુત નીસ્ચે કાળ મને
નીચ તને ધીક્કાર છે, સત કોટી ધીટકાર
દગલ બાજ દગો કઇ, બની ગયો નાદાર મને

દાસીઓ— ગાયન ૧૨

જરા ધીરજ ધરો મનભાય, સહાય થાસે જગ આધાર
સુખ દુખ તે ફરતી છાય, ચીંતા મન વીસાર
સંકટ અનેક સહેન કરીને, લાવીએ તુજ ભરથાર
ધીરજ ધારી, ચીંતા વીસારી, ભજને તુ કીરતાર જરા
નીસદીન ધ્યાન ધરો ઇશ્વરનું, એ છે તારણ હાર
સાચ એ તરસે, પાપીઓ ડરશે, આવસે તમ દીલદાર જરા

જયમણી— ગાયન ૧૩

નાથ નીરંજન, કેમ કરોછો, દીન દાસીપર કેર
પ્રાણના પ્યારા ને સહાય થાજો, રક્ષા કરો રૂડી પેર
દીન દાસીની, અરજ સ્વીકારી, તારજો તમો રઘુવીર
રક્ષા કરી, પહેલાદને આવી, રોળ્યો હરણા કંસવીર
સતી દ્રૌપતીની, લજા તો રાખી, સહાય થયા ગુણગંભીર
ભગત પાંડવની વારે ચડીને, તાર્યા તમો રણધીર
અપંગ અબળા, વીનતી કરે છે, સાંભળો શ્યામ સુંદીર

જયમણી— ગાયન ૧૪

હે પ્રભુ પ્યારા, જગત કેરા આધારજો
વીનતી આ અબળાની, તમો સ્વીકારજોરે

હે દીન બંધુ, જાળવજો મુજ ભરથારજો
દુખનુ વાદળ, આવ્યું માથે આવારજોરે
સોચળ શીશ ધારી, રહુ સત્ય સાથે
કદી નહી ભુલુ પ્રીય, પ્રાણુનાથે
ભલે દુખ અત્યંત, પડો મુજ માથે
જપુ નીત્ય માળા, પ્યારા પ્રાણુનાથે
હે જગ કરતા, તારો છે મોટો આધારજો
સંકટ જાણી, જાળવજો મુજ ભરથારજોરે

કુલીનસીંહ— ગાયન ૧૫

મને રજા દીઓ આવાર (૨)
સમસેર કાઢી ધરણી ધુજાવી, કરૂ યવનને ઠાર મને રજા
ક્ષત્રી બચો હું સાચો કહાવું, મામાને લઇને પાછો આવું
રણુસંગ્રામે જંગ મચાવું, અમર કીરતી જગમાય જણાવું
ત્યારે શાન્ત બનાર મને રજા
ધીરજ ધરીને બેસી રહેજો, રામ નામ મુખેથી કહેજો
જરા કલ્પના મનમા ન ધરજો, સત્ય સમજીને રામ સમરજો
પ્રભુ ઉતારે પાર મને રજા

કુલીનસીંહ— ગાયન ૧૬

શુરાવો લડવાને ચાલો
તુર્ક લોકને ઠાર કરીને, મનમાંહી મહાલો
પ્રપંચી, છકી ગયા ભારી
કપટ જાળ દાવ પેચ, કરીને નાખો સંહારી
અવીચળ, પદવી લ્યો ધારી
ક્ષત્રી ધર્મનો મર્મ જાણી લ્યો, મનમાં વીચારી

શમસેર લ્યોને કરમા ધારી
ભાલા બરછી બંદુક, સાથે લ્યોને કટારી

લશ્કર— ગાયન ૧૭

મારો મારો યવનોને ન કામના, કાઢીએ જગતમાં તો નામના
કાઢો યવનોની જાત, લડો ખુબ ભલીભાત
મારો ઉપર પછી લાત, પછી તલવારોથી વાત
શુરા પુરા આપણે, બધારે શા કામના કાઢીએ
મારો તુર્કને ઝટ, ચટ ચટ હઠ હઠ
ઝટ ઝટ ઘટો ઘટ, મારો ભાલા ફટાફટ
શુરા પુરા આપણે, બધારે શા કામના કાઢીએ

વિજયરાજ— ગાયન ૧૮

બની ગયોછુ હાય હું, દુખીતો ભારી
વીયોગે ઝુરી મરસે, હાય મુજ નારી
સુઝે ન મુજને કાંયતો, હાય લાચારી બની
દગો કરી ફસાવ્યો મને, પાપીએ ભારી
લડયો જો હોત એ રણમાં તો નાખત સંહારી બની
નથી અહી આધાર મને, સહાય થા તુ મોરારી
કરૂણા કરો કીરતાર મને, તાત ગીરધારી બની

વિજયરાજ— ગાયન ૧૯

ચાલો વીર મારો તીર, દુસ્ટ લોકના શરીર
ભાલા બરછી લ્યોને શુરવીર
યત્નથી સરે સૌકાજ, ઇસલાજ, રાખે આજ

સામંતો—વીજયરાજ જામો તખ્ત તાજ
વિજયરાજ—યોધાવો સૌ શુર ધરો
રીપુ દળની લ્યોને લાજ

બૈયા— ગાયન ૨૦

પીસવા કોન જુગતસે સાની, શ્રી રાધોરામ
ના ઘર લોટા ના ઘર થારી, નહી સુરીયનમે પાની   પીસવા
સાસ નણંદ મોરી જનમકી બૈરી, નહી સીખવત નહી જાની
સાંજ પડે ઘર આયે જમઇયા, ભીતરસે બીલનવા ફીટકારી
ફીટકારી, ફીટકારી, ફીટકારી, શ્રી રાધોરામ (૩)   પીસવા

ભરવાડ— ગાયન ૨૧

હુતો છુ ભરવાડીઓ લહેરી, હુંતો છું ભરવાડીઓ લ્યા
તું છે અડીયાની કોલણ, ભીખલીરે અરજણીઆ
ભીખી—બેસો તારી વીડમા લહેરી, બેસો તારી વીડમા લ્યા
કુવાએ ફેરા તો ખાઉ, દનનારે ભરવાડીઆ
ભરવાડ—હુતો લાવ્યો ટોપરૂ વહાલી, હુતો લાવ્યો ટોપરૂ લ્યા
ટોપરૂ ખાવાની વખતો, આવસેરે ભીખલી

મારવાડી— ગાયન ૨૨

મુતો જોધપુરરો વાણીયોરે, અમદાવાદમે આયો
જોધપુરસે નીકળ્યો હુતો, પૈસો નહી તો ખોટો
મરચ્યા મીઠારી ફેરી કરને, માણેક ચોકમે સુતો   મુતો
પૈસા ટકારો તાજો વેઠીને લાડીજીરે લાયો
લાડીજીરે ઘરે આઇ, પાછો ખુબ કમાયો   મુતો

ફકી— ગાયન ૨૩

એ ફકીર જંમીયલશા ઇદરગઢ વાળો જેંદા નામ અમરથઇગ્યો
નામ અમર થઇ ગ્યો લાલા, હંદા જગત જાણી ગ્યો   એફકીર
એ નત્રે ગળાંદી, કબર પીરાંદી, એડે નેડે હોજ એક ગ્યો
નહીદે ઘોઇદે દીવો કરે દા, જેંડા જન્મ સફળ થઇ ગ્યો   એફકીર

ભગત તથા ભગતાણી-- ગાયન ૨૪

ઉતમ છેરે ગુરૂને, મહોદમ છેરે
મારા ગુરૂજીના દરશણ અરજણ ઉતમ છે
પહેલો પહેલો અવતાર અરજણ, કાગા કેરો ધારીઓરે
કાગા કેરો ધારીઓરેજી
સુકે લાકડીએ જઇને, ચાંચ ઘસેરે, મારા ગુરૂજી
બીજો બીજો અવતાર અરજણ, બગા કેરો ધારીઓરે
બગા કેરો ધારીઓરેજી
સાત સમુદ્ર જઇને, મછીયાં ચુગેરે મારા ગુરૂજી
ત્રીજો ત્રીજો અવતાર અરજણ, હંસા કેરો ધારીઓરે
હંસા કેરો ધારીઓરેજી
માન સરોવર જઇને, મોતીડાં ચુગેરે મારા ગુરૂજી

જમનો ગોલો— ગાયન ૨૫

જાવું હવે સહેરમાં બાઇ, દારૂ પીને ખુબમ ખુબા
મારીશુ ખુબ સપાટા, મારીશુ ખુબ સપાટા
ગપાટા ગપંગપા જાવું
દારૂનો શીશો પીહુ, તાડીની વાડી જઇ હુ
ભજીઆના તીખા સપાટા (૨) જાવું

મુગલ-- ગાયન ૨૬

હલવા ચોહન, પુલાવ મુતંજન
નાન બીટુખન, બાહ વાહ વાહ
કલીયા કરમન, હલવન છાલન
ખાવું અંડન, વાહ વાહ વાહ

બાકર સુરમા, બાખરખાની
તરેહ તરેહકી, અબ બીરીયાની
કલીયા ખુરમા, ખાવ્યું પાની
અછી હે, રોટી મુલતાની
હુઇ હુઇ હુઇ હુઇ હુઇ

ચંદ્રપ્રભા—   ગાયન ૨૭

હાય હું હું લાચાર, પતી વીના, હાય હું હું લાચાર
વહાલા વિયોગે, ઝુરી મરૂં છુ, બની ગઇ બેજાર
કૃપા કરી પ્રભુ મેળવો મુજને, પ્યારા મુજ દીલદાર   પતી
ચેન પડે નહી રેન થયે પણ, ભેદે દીલ અપાર
સહાય થાવો તમો પ્રભુજી મુજને, કરૂણા કરી કીરતાર   પતી
વસ્ત્ર આભુશણ ગમે નહી કંઇ, જાણે લાગી અંગાર
શું રે કરૂ કાંઇ સુજ પડે નહી, ઓ મુજ હૈયાના હાર   પતી

સર્વપાત્રો—   ગાયન ૨૮

જગ આધાર, તારણુ હાર, તુજપર પ્યાર
છે કીરતાર
સઘળો છે તારો સંસાર (૨)
કરતુ લહેર, અમ પર મહેર
અમો સઘળા તારા બાળ
રાખોને સંભાળ
આભારી, આ વારી, જેકારી, દુખ હારીતું
જય જય જય   જગ આધાર

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર સદ્‌ગ્રહસ્થોના નામ.

મુ. પાટણ.

૨ શા. ખેમચંદ લાલભાઈ
૧ કંદોઇ અમુલખ હીરાચંદ
૧ પારેખ માણેકલાલ હરીવલભ
૨ શા. નેમચંદ ભીખાચંદ
૨ શા. કેશવલાલ બાબાભઇ
૨ ખંભાર મણીલાલ બકા
૨ શા. જેસીંગ લહેર
૧ શા. મોહન દહા
૨ શા. ખેમચંદ તરભોવન
૨ શા અમથાલાલ નાનચંદ
૨ બ્રાહ્મણ કેશવલાલ દુરગાશંકર
૧ શા. મણીલાલ લહેરચંદ
૨ શા. છોટાલાલ વાડીલાલ
૨ બ્રાહ્મણ મથુરદાસ રણછોડ
૨ બ્રાહ્મણ ચુનીલાલ જેઠા
૨ વાઘાલાલ તરભોવન
૨ શા. પોપટ વસ્તાચંદ
૧ ઘાંચી રણછોડ ભાઇચંદ
૧ ચોકસી પુનમચંદ વીરચંદ
૫ શા બાપુલાલ પરભુદાસ
૨ શા મણીલાલ ચુનીલાલ
૪ શા. જેસીંગ ખુબચંદ
૨ શા મણીલાલ નહાલચંદ
૧ શા મોહનલાલ નાગરદાસ
૧ શા મથુરદાસ વાલચંદ
૧ શા મોહનલાલ લલુભાઇ
૧ ખંભાર રણછોડ ઉમેદ
૧ શા મણીલાલ મોતીચંદ
૧ સાળવી કસ્તુરચંદ મહોકમચંદ
૧ કનસારા ગીરધર હરગોવીન
૨ શા મોહનલાલ ખેમચંદ
૨ બ્રાહ્મણ કરસનલાલ હુકમ
૨ બ્રાહ્મણ બીહારીલાલ રામશંકર
૨ શા મણીલાલ લહેરભાઇ
૨ શા છોટાલાલ લલુભાઇ
૨ શા બબા ગોદર
૧ શા મણીલાલ રતનચંદ
૧ શા મંગળ હરગોવન
૧ શા જેસીંગ દેવચંદ
૧ ખંભાર ભોગીલાલ ખેમચંદ
૫ દાક્તર મનસુખ પ્રજારામ
૨ શા વીરચંદ હરગોવીન
૨ શા અંબાલાલ વીરચંદ
૧ મણીલાલ મોહન
૨ બ્રાહ્મણ મણીલાલ ગોપાલજી
૧ ભાવસાર દલપત નથુ

૫ શા સોભાગચંદ ખુબચંદ
૧ મીસતરી મોહનલાલ ઇજતરામ
૧ શા માણીલાલ રતનચંદ
૨ શા મણીલાલ જેસીંગ
૧ મણીલાલ લખમન
૧ સોમદત તીકમદાસ
૧ પુરસોતમ ચુનીલાલ
૧ છોટાલાલ હરજીવન
૧ શા પરભુદાસ રૂગનાથ
૧ શા મણીલાલ ભીખાચંદ
૧ શા મનસુખ નહાલચંદ
૧ શા લહેરચંદ કસ્તુરચંદ
૫ શા છોટાલાલ ખુબચંદ
૧ મીસ્તરી સીવરામ અમીચંદ
૧ પારેખ જીવણલાલ મણીલાલ
૧ માસ્તર ચુનીલાલ માહાસુખ
૧ શા રતનચંદ લલુચંદ
૩ શા કેસરીચંદ અનોપચંદ
૫ શા લહેરચંદ ગલાબચંદ
૨ બ્રાહ્મણ મણીલાલ તીકમલાલ
૨ બ્રાહ્મણ મણીલાલ ગોપાલજી
૧ શા ચુનીલાલ કરમચંદ
૧ પારેખ મોહનલાલ વીઠલદાસ
૧ શા મોહનલાલ નાગરદાસ
૧ શા નાના મગન
૧ સાધુ આબારામ રામચંદ્ર
૧ શા. જેસીંગ ખેમચંદ
૧ શા હેમચંદ મોહનલાલ
૨ શા મણીલાલ ચુનીલાલ
૧ શા મણીલાલ વાડીલાલ
૭ શા જેસીંગ પાનાચંદ
૨ શા છોટાલાલ અનોપચંદ
૨ શા ભોગીલાલ ચુનીલાલ
૨ શા જેસીંગ લલુભાઇ
૨ શા જેસીંગ નગીનદાસ
૨ શા મણીલાલ લલુચંદ
૧ દરજી પુનમચંદ પ્રભુદાસ
૧ શા પોપટલાલ બાદર
૧ શા કેશવલાલ લલુભાઇ
૧ ઝવેરી હીંમતલાલ નહાલચંદ
૧૦ શા મણીલાલ દલાભાઇ
૪ બ્રાહ્મણ જાદવલાલ રામશંકર
૧ માળી ક્રમા મોતી

અમદાવાદ.

૫ કડીઆ સકરાલાલ ભગવાન
૨૫ ગાંચી હરીલાલ મગનલાલ
૧૦ શા છગનલાલ ચીમનલાલ
૧ બ્રાહ્મણ માણેકલાલ રેવાશંકર

ગામ સોજા.

૧૦ શા ડાભાચંદ જીવરામ
૧૦ શા છગન જીવરામ

સુરત.

૫ શા છગનલાલ સરૂપચંદ

જાહેર ખબર

સર્વ સદ્‌ગૃહસ્થોને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ નીચેના સરનામે મળશે સાહેબોને જોયતી હોય તેમણે મહેરબાની કરી રોકડ કીંમતે મંગાવી લેવી.

જૈન રત્નમણી ગાયન સંગ્રહ	૦—૨—૦
શ્રી બાહુચરાજી વિજયના ઓપેરા	૦—૨—૦
શ્રી સોળંકી વિજયના ઓપેરા	૦—૨—૦
વિચાર તરંગના ઓપેરા	૦—૨—૦
કનક સુંદરી નાટકના ઓપેરા	૦—૨—૦
પતીવ્રતા જયમણી નાટકના ઓપેરા	૦—૨—૦
શુરવીર જયમલ નાટકના ઓપેરા	૦—૨—૦
બાહુચરાજી વીજય ભાગ બીજો	૦—૨—૦
પહેલાદ ચરીત્ર નાટકના ઓપેરા	૦—૨—૦

ઉપર લખેલી ચોપડીઓ નીચેના સરનામે રોકડી કીંમતથી મળશે.

ઘાંચી કેશવલાલ મગનલાલ

ઠે. કાળુપુર ધુપેલવાળાની પોળ સામે

મુ. અમદાવાદ

શા. જેસીંગલાલ કરમચંદ

ઠે. મહાલક્ષ્મીના પાડામાં

મુ. પાટણ

અગર જે ઠેકાણે કંપનીનો મુકામ હોય તે ઠેકાણેથી પણ મળશે.

અમારા સીક્કા સીવાય આ ચોપડી લેવી નહી